### વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
### એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail : dee@nau.in, Website : www.nau.in

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હેઠળના નીચે દર્શાવેલ યુનિટ/સબ યુનિટના વડાઓને જણાવવાનું કે, કૃષિ મહોત્સવ–૨૦૧૫ની ઉજવણી અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટી અને ખેતીવાડી વિભાગ, ગુજરાત રાજય દ્વારા તા.૨૬/૦૪/૨૦૧૫ ના રોજ રાજપીપળા, જિ:નર્મદા ખાતે કૃષિમેળાનું આયોજન કરેલ છે. ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ હસ્તે ઉદઘાટિત થનાર આ કૃષિમેળામાં નવસારી કૃષિ યુનિવર્સિટીને કૃષિ સંલગ્ન ટેકનોલોજીના ૧૦×૧૦ ફૂટના કુલ ૩૨ સ્ટોલ્સની નીચેની વિગતે ફાળવણી કરવામાં આવેલ છે. નીચે કોઠામાં કોલમ–૩માં દર્શાવેલ વિભાગોએ તેઓના સબંધિત અન્ય વિભાગો સાથે સંકલન કરીને તા.૨૬ અને ૨૭/૦૪/૨૦૧૫ (બે દિવસ) દરમ્યાન યોજાનાર કૃષિ પ્રદર્શનમાં ભાગ લેવાનો રહેશે. કૃષિમેળામાં ફાળવવામાં આવેલ સ્ટોલની સંખ્યાને ધ્યાને લઈને ડીસ્પ્લે ટેબલ પર જે તે વિભાગ દ્વારા ટેકનોલોજી સુસંગત જીવંત નમૂનાઓ અને મોડેલ્સ પણ પ્રદર્શનમાં મુકવાના રહેશે.

| અ. નં. | કૃષિ ટેકનોલોજી | ટેકનોલોજી પ્રદર્શિત કરનાર યુનિટ/સબ યુનિટ/વિભાગ | સ્ટોલની સંખ્યા | ૩'×૫' પેનલની સંખ્યા | સ્ટોલ ઉપર રહેનાર સ્ટાફની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | નવસારી કૃષિ યુનિવર્સિટી–પરિચય | કુલસચિવશ્રી, નકૃયુ, નવસારી | 2 | 12 | 1 |
| ૨ | જમીન વિજ્ઞાન–સોઈલ હેલ્થ કાર્ડ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જમીન વિજ્ઞાન વિભાગ, નકૃયુ, નવસારી | 2 | 12 | 2 |
| ૩ | કૃષિમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી (ICT)નો ઉપયોગ | નિયામકશ્રી, આઈ.ટી., નકૃયુ, નવસારી | 1 | 07 | 1 |
| ૪ | બાગાયત : હાઈટેક હોર્ટિકલ્ચર, ફૂલો, પપૈયા, શાકભાજી, કંદમૂળ અને ઔષધિય પાકો | આચાર્યશ્રી,<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય,<br>નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | 5 | 21 | 6 |
| | લો–કોસ્ટ ગ્રીન હાઉસ | | | | |
| | ફોરેસ્ટ્રી : વન ઉછેર અને પેદાશો | | | | |
| | પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી: મુલ્યવર્ધન | | | | |
| ૫ | કેળ : કલ્પતરૂ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન) અને<br>આચાર્યશ્રી, અસ્પી બાગાયત કોલેજ, નકૃયુ, નવસારી | 2 | 12 | 2 |
| ૬ | ઓર્ગેનીક ખેતી | પ્રાધ્યાપકશ્રી, અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | 2 | 12 | 3 |
| | કૃષિ પાકોમાં કીટક નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી, કૃષિ કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃ.મ., નવસારી | | | |
| | વનસ્પતિ રોગ નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃ.મ., નવસારી | | | |
| ૭ | શેરડી : ટકાઉ ખેતીનો અભિગમ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શેરડી સંશોધન કેન્દ્ર,નકૃયુ, નવસારી | 2 | 12 | 2 |
| ૮ | કપાસ : નવી જાતો અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, અઠવા લાઈન્સ, સુરત | 2 | 12 | 2 |
| ૯ | ડાંગરની નવી ક્ષિતીજો અને મૂલ્યવર્ધન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી (વ્યારા સાથે સંકલન) | 2 | 12 | 2 |
| ૧૦ | નાગલી– મુલ્ય વૃધ્ધિ અને કુપોષણમાં મહત્વ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, નકૃયુ, વઘઈ, જિ.ડાંગ | 1 | 09 | 2 |
| ૧૧ | આદર્શ પશુપાલન | આચાર્યશ્રી, વનબંધુ વેટરીનરી કોલેજ, નકૃયુ, નવસારી | 2 | 12 | 2 |
| ૧૨ | જળ અને જમીન વ્યવસ્થાપન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન),<br>જળ અને જમીન વ્યસ્થાપન સંશોધન એકમ, નકૃયુ, નવસારી | 2 | 12 | 2 |

**પાછળ પાન નં.૨ પર ચાલુ..........**

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૧૩ | કૃષિ યાંત્રિકીકરણ અને સુધારેલ ખેત ઓજારો | પ્રાધ્યાપકશ્રી, કૃષિ ઈજનેરી વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | 1 | 09 | 2 |
| ૧૪ | કઠોળ પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કઠોળ), કઠોળ સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | 2 | 12 | 2 |
| | તેલિબીયાં પાકો : પીળુ સોનુ (મગફળી, દિવેલાં, ખરસાણી) | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, નાઈઝર સંશોધન કેન્દ્ર, નકૃયુ, વણારસી, તા.વાંસદા | | | |
| ૧૫ | જુવારની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નકૃયુ, અઠવા લાઈન્સ, સુરત | 1 | 09 | 2 |
| ૧૬ | મત્સ્યપાલન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), જળ અને જમીન વ્યસ્થાપન સંશોધન એકમ, નકૃયુ, નવસારી | 1 | 09 | 2 |
| ૧૭ | સફળ વાર્તા, કેવિકેની અસરો | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, દેડિયાપાડા | 1 | 09 | 2 |
| ૧૮ | કૃષિ માહિતી અને સાહિત્ય | સરદાર સ્મૃતિ કેન્દ્ર અને એટીક, નકૃયુ, નવસારી | 1 | 09 | 2 |
| | | **યુનિવર્સિટીના કુલ સ્ટોલ્સ** | **32** | **202** | **39** |

**કૃષિમેળામાં ભાગ લેવા સબંધી સૂચનાઓ:**

૧. યુનિવર્સિટી વાહનમાં પ્રદર્શન સામગ્રી મેળાના સ્થળે લઈ જવા તથા પરત લાવવાની વ્યવસ્થા માટે કન્વીનર તરીકે ડૉ. લલિત ઘેટીયા, સહ પ્રાધ્યાપકશ્રી, કૃષિ કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી (મો.૯૭૨૫૦૦૬૦૨૧) અને સહ કન્વીનર તરીકે ડો. જી.બી. કાલરીયા, તાલીમ સહાયક, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી (મો. ૯૯૨૫૩૪૬૭૯૬)ની નિમણુંક કરવામાં આવે છે.

૨. દરેક વિભાગે તેમની પ્રદર્શન સામગ્રી તા.૨૪/૦૪/૨૦૧૫ના રોજ સાંજના ૩ થી ૫ અને તા.૨૫/૦૪/૨૦૧૫ના રોજ સવારે ૯ થી ૧૦ કલાક દરમ્યાન નવા કિસાનઘર ખાતે એબીએમ કોલેજ અને વિશિનિશ્રીની કચેરીની મીની બસમાં ગોઠવી દેવાની રહેશે.

૩. ડીનશ્રી, અસ્પી બાગાયત વ વનિય મહાવિદ્યાલય હેઠળના વિભાગોની પ્રદર્શન સામગ્રી અને સાથે જનાર સ્ટાફને જવા માટેની વ્યવસ્થા તેમના હસ્તકના વાહનમાં કરવાની રહેશે.

૪. પશુ આરોગ્ય મેળાની કામગીરી માટે જનાર વૈજ્ઞાનિકો / પશુ ડોકટરોને જવા માટેની વ્યવસ્થા ડીનશ્રી, વનબંધુ વેટરનરી કોલેજે તેમના હસ્તકના વાહનમાં કરવાની રહેશે.

૫. પ્રદર્શન સામગ્રી તથા તેની સાથેના સ્ટાફને લઈ જવા માટે યુનિવર્સિટી હસ્તકની બસ તા.૨૫/૦૪/૨૦૧૫ના રોજ બપોરે ૧૧.૦૦ કલાકે નવા કિસાનઘરથી ઉપડશે.

૬. દરેક વિભાગે તા.૨૫/૦૪/૨૦૧૫ના રોજ સાંજ સુધીમાં ફાળવેલ સ્ટોલમાં પ્રદર્શન સામગ્રી ગોઠવી દેવાની રહેશે.

૭. પ્રદર્શન સામગ્રી સાથે ઉપરોકત દરેક વિભાગમાંથી **કોલમ નં.૬માં દર્શાવ્યા મુજબની સંખ્યામાં જ અધિકારી/કર્મચારીએ** હાજર રહેવાનું રહેશે અને તે પ્રમાણે જ રહેવાની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવેલ છે.

૮. બન્ને દિવસ માટે કૃષિમેળાનો સમય સવારના ૯.૦૦ થી સાંજના ૬.૦૦ સુધી રહેશે. બીજા દિવસે નીચે સહી કરનાર જાહેરાત કરે ત્યાર બાદ બપોર પછી જ સ્ટોલમાં પ્રદર્શનની સામગ્રીનો સંકેલો (પેક અપ) કરવાનો રહેશે.

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની મંજુરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે, જેનો ચૂસ્તપણે અમલ થવા વિનંતી છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૮ /૨૦૧૫
નવસારી તા. ૧૯/૦૪/૨૦૧૫

<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :

(૧) મા.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
(૨) સંશોધન નિયામકશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
(૩) ડીનશ્રી, અસ્પી એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નકૃયુ, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારું.
(૪) ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનિય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારું.
(૫) ડીનશ્રી, પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારું.
(૬) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.
(૭) કોલમ–૩માં દર્શાવેલ વિભાગોના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.
(૮) ડૉ. લલિત ઘેટીયા, સહ પ્રાધ્યાપકશ્રી, કૃષિ કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃ.મ., નકૃયુ, નવસારી તરફ ઘટતું થવા સારું.
(૯) ડો. જી.બી. કાલરીયા, તાલીમ સહાયક, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી તરફ ઘટતું થવા સારું.
(૧૦) અત્રેની કચેરીના ટી–૩ ટેબલ તરફ બસ તથા ડીઝલની વ્યવસ્થા થવા સારું.